# હમને તો જબ કલીયાં માંગીં..

--રાહુલ શુક્લ

ફીલ્મ 'પ્યાસા'માં ગુરુ દત્ત કવી વીજયનું પાત્ર ભજવે છે અને રહેમાને આપેલી પાર્ટીમાં પોતાની પ્રેમીકા જે હવે રઈસ રહેમાનની બીવી છે, તેને ઉદ્દેશીને સાહીર લુધીયાનવીની લખેલી દર્દભરી કવીતા ગાય છેઃ

**જાને વો કૈસે લોગ થે જીનકે પ્યાર કો પ્યાર મીલા,**
**હમને તો જબ કલીયાં માંગીં કાંટોં કા હાર મીલા.**

તો મને એ ગીત સાંભળીને મનમાં થાય કે એમને કહું કે, 'ભલા આદમી, તમારે કળી જોઈતી હતી તો કાંટા સ્વીકારવા જ શું કામ જોઈએ? ધારો કે તમે એક વસ્તુ લેવા ગયા હો અને ભુલથી ભળતી જ વસ્તુ લઈને આવો, તો પછી જેવી એ વાતની ખબર પડે કે તરત એ વસ્તુ બદલાવવા પાછા જવું જોઈએ. એને બદલે, તમે યાર, કાગળ અને પેન લઈને દર્દીલી કવીતા લખવા બેસી જાઓ છો!'

અને પ્રેમ સીવાયના કોઈ પણ અનુભવ ઉપર તમે આવી વાત લખો તો લોકો સાહીર લુધીયાનવી પર અને તમારા પર હસે. ધારો કે તમે એમ કહો કે, 'જાને વો કૈસે લોગ થે જીનકો તુપર માર્કેટ સે ગ્રોસરી મીલી, હમને તો જબ ટમાટર માંગે પથ્થર કી થૈલી મીલી-'

અને ઘરે આવી ગમખ્વાર મોઢે ગ્રોસરીની થેલી પત્નીના હાથમાં આપો. એ કહે, 'આ શું લાવ્યા? આજે ખીચડી કરી છે, સાથે ડુગળી, ટમેટાંની કચુંબર કરવાની છે. તમને પાથમાર્કમાં ટમેટાં લેવા મોકલ્યા હતા. તેને બદલે તમે પથરાની દસ પાઉન્ડની થેલી લઈને આવી પહોંચ્યા?'

અને તમે કહો, 'પણ આમાં મારો વાંક જ નથી. મેં તો ટમેટાં જ માંગેલાં; પણ એ લોકોએ પાણા આપ્યા.' પછી તમે ઉદાસ અવાજે કહો,'ન જાણે કેવાં નસીબ હશે એ લોકોનાં, જે ટમેટાં લેવા જાય અને ટમેટાં લઈને આવે!'

આ લેખના લેખકને, ગુરુ દત્ત કે સાહીર લુધીયાનવીને સામે બેસાડીને પ્રશ્ન પુછવાની તક મળી હોત તો એમ પુછત કેઃ

'આમાં તમે દુનીયાને દોષ દો છો; પણ તમારો પોતાનો કોઈ વાંક ખરો?'

એ કહેશે, 'ના, મેં તો ટમેટાં જ માંગેલાં.'

'પણ સાચા સ્ટોરમાં જ ગયેલા ને? પાથમાર્કને બદલે હોમડેપોમાં તો નહોતા પહોંચી ગયા ને?'

એ કહે, 'બનતાં સુધી તો પાથમાર્કમાં જ ગયેલો.'

પછીનો સવાલ, 'પણ ભાવ પ્રમાણે પુરતા પૈસા આપીને ટમેટાં માંગેલા ને?'

એ કહે,'ભાઈ, આ પૈસાની લેવડ-દેવડની દુનીયા અમારા કવી-હૃદયને ન સમજાય.'

◆◆◆

ત્રીસ વર્ષ પહેલાં કૉલેજનાં વર્ષો દરમીયાન કનુ ચૌહાણ નામના મારા એક મીત્ર હતા જે ‘સલીલ’ના ઉપનામે સુંદર પ્રેમ કવીતા લખતા. આલેખના લેખક વાર્તાઓ લખતા. સલીલ વાર્તાલેખકને અવ્યવહારુ સમજતો, હું કવીઓને અવ્યવહારુ સમજતો. ઉંડે ઉંડે અમને બંનેને ખબર હતી કે અમે બંને સાચા હતા.

સલીલનાં પ્રેમ કાવ્યો, એમના ઘરથી ત્રણ ઘર મુકીને રહેતી શોભના પર લખાતાં હતાં. એક વાર સલીલે શોભના પર લખેલી કવીતા મને બતાવી.

પ્રીયે તું યાદ આવે છે,
હૃદય આંધી મચાવે છે.

મને થયું, કવીતા લખવાને બદલે ભલા જોરથી બુમ પાડશો તોય શોભના સાંભળી શકશે. એક વાર શોભના ચાર દીવસ માટે મુંબઈ ગઈ હતી તો સલીલે કવી તા કરીઃ

તારા વગર
પુરું નગર
સુમસામ લાગે છે.

શોભનાને એ અવાર નવાર મળતા; પણ કોઈ વાર ફોડ પાડીને વાત ન કરી શકે. મેં કહ્યું, ‘યાર, ચોખ્ખે ચોખ્ખું પુછી લો ને કેઃ મારી સાથે જીંદગી ગુજારવી છે? મારાં બાળકોની મા બનવું છે?’

સલીલ કહે,‘એવું પુછીને હું મારા પ્રેમને સસ્તો બનાવવા નથી માંગતો. પણ જુઓ, આ કવીતા લખી છેઃ

‘તું હા કહેશે કે ના કહેશે
એના મીઠા વીસ્મયમાં ડુબેલો હું...’

પછી જ્યારે શોભનાનાં લગ્ન વડોદરામાં કોઈ ફેક્ટરીના માલીકના દીકરા શ્રીકાન્ત જોડે નક્કી થયાં તો સલીલે કવીતા લખીઃ

તારા જીવનમાં ગુલાબી સવારો
મારા નસીબે ડુબેલી સાંજ
ડુબેલો સુરજ, તુટેલો સીતારો..

મેં કહ્યું, ‘સલીલ, આમ તમારો ઉદ્ધાર નહીં થાય. શોભનાને જઈને કહો કે બોલબેરીંગ બનાવતી ફેક્ટરીના માલીક જેવા કેટલાય છોકરા મળી જશે; પણ મારા જેવો દીલદાર માણસ, જે તને સ્વર્ગની પરી માને છે, તેવો ક્યાંય નહીં મળે. ચાલ, રાતની ટ્રેનમાં નાસી જઈ આવતી કાલે મુંબઈમાં રજીસ્ટર્ડ લગ્ન કરી લઈએ.’

સલીલ કહે,‘ના, મારાથી શોભનાના સુખની આડે ન અવાય.’ પછી કહે, ‘મારી તો જીંદગી બરબાદ થઈ ગઈ.’

◆◆◆

હીમાલય કી ગોદમેં ફીલ્મમાં માલા સીન્હા કારમી વેદના ગાય છેઃ

એક તુ ના મીલા
સારી દુનીયા મીલે ભી તો ક્યા હૈ...

તો મારા વ્યવહારુ જીવડાને થાય, ભલા આવડી મોટી દુનીયામાં માત્ર એક જ વ્યક્તીના હાથમાં તમારા સુખનો દોર અપાતો હશે? દુનીયામાં કુલ છ અબજ માણસો છે, ત્રણ અબજ પુરુષો અને ત્રણ અબજ સ્ત્રીઓ. તો એ ત્રણ અબજ સ્ત્રીઓમાંથી ફક્ત એક જ વ્યક્તી આપણને સુખ આપી શકે? આવી વાત પ્રેમ સીવાયના બીજા કોઈ સંદર્ભમાં કરીએ તો લોકો આપણને મુરખ જ કહે.

મારી સામે ત્રણ અબજ સફરજન પડ્યાં છે પણ મારે જે ખાવું હતું તે બીજું કોઈ ખાઈ ગયું...

ધારો કે આપણે બરમ્યુડા વેકેશનમાં જવું હોય; પણ ટ્રાવેલ એજન્ટ કહે કે, 'બે મહીના સુધી બધી હોટલો બુક છે; એટલે કહો તો બહામાની ફ્લાઈટ બુક કરી દઉં.' અને આપણે કહીએ, 'કરો.' પણ પછી બહામા પહોંચીને મંદાક્રાન્ત કાવ્ય રચીએ કેઃ

**સાંભળ્યું છે કે બરમ્યુડાના દરીયા કેરું,**
**પાણી છે બીલોરી કાચ જેવું;**
**કીન્તુ મારા ફુટેલ નસીબે,**
**લીખીત નક્કી હશે બહામા?**

અથવા ફીલ્મી સુરમાં ગાયન ગાઈએ કેઃ

**એક બરમ્યુડા ના મીલા**
**સારે કરેબીયન્સ આયલેન્ડ્ઝ**
**મીલેં ભી તો ક્યા હૈ !**

તો બરમ્યુડાના શોકમાં બહામાની મઝા પણ ન લઈ શકીએ !

સલીલે છેલ્લાં ત્રીસ વર્ષમાં ચાર સુંદર કાવ્યસંગ્રહો પ્રગટ કર્યાં છે અને પોતાની કળા દ્વારા હજારો વાચકોની જીંદગી વધુ રસીક બનાવી છે. એની વેદનાને ગુંથીને એણે બીજા સૌને એક અનુપમ ભેટ આપી; પણ એમ કરવામાં સલીલે સામે મોજુદ દરીયાને માણવાનું જાણીબુઝીને આખી જીંદગી માટે જતું કર્યું.

ગીતામાં આવે છે-જો કે મેં પોતે ગીતા વાંચી નથી,ગીતા વાંચવાનો દાવો કરનારા મારા મીત્રો છે, એમાંના એકે કહેલું કે ફીલ્મ ગાઈડના અંત વખતે દેવાનંદ જે સંવાદો બોલે છે તે સંવાદલેખક વીજય આનંદે સીધા ગીતામાંથી લીધા છે. અને એ રીતે ગીતામાં આવે છે (સંવાદ હીન્દીમાં હતા)કેઃ

**જીંદગી ભી એક ખયાલ હૈ,**
**જૈસે મૌત ભી એક ખયાલ હૈ..**

આમ, આપણી નજર સામે ચાલી રહ્યું છે તે બધું એક ભ્રમ છે, આ દુનીયા ખુદ ભ્રમછે.

નીન્ટેન્ડોની ગેઈમમાં પાત્રો મલ્લકુસ્તી કરતાં હોય છે. કોઈ પાત્રો રેઈસ કરતા હોય છે, કે ખજાનાની શોધમાં હોય છે. એ પાત્રોને લાગતું હશે કે ટીવીના સ્ક્રીન પર ચાલી રહેલું સ્ટીમ્યુલેશન તે હકીકત છે. એ પાત્રોને ખબર જ નથી કે જે દુનીયાને તે હકીકત ગણે છે એ દુનીયા અસ્તીત્વમાં જ નથી !

આપણી પોતાની સાચુકલી લાગતી દુનીયામાં એક હજાર વર્ષ પછી આપણા અત્યારના અસ્તીત્વની કોઈ નાનામાં નાની નીશાની પણ નહીં રહી હોય. જાણે કે આપણે જનમ્યા જ નહોતા અને જીવ્યા જ નહોતા.

અને આમ ગીતામાં કહ્યું છે તેમ જીવન એક ભ્રમ છે અને મૃત્યુ એય ભ્રમ છે. બહામા અને બરમ્યુડા એય ભ્રમ છે. પહેલાં સલીલના ઘર પાસે રહેતી હતી અને હાલ કમાટી બાગ પાસે રહે છે અને જેની મોટી બેબીને ત્યાં એક બાબો અને બેબી છે, તે શોભના પણ એક ભ્રમ જ છે. નોકરીમાં મળતાં પ્રમોશન ભ્રમ છે. રહીએ છીએ તે ઘર પણ ભ્રમ છે. અને ચલાવીએ છીએ તે કાર પણ ભ્રમ જ છે.

અને કળી જોઈતી હોય ત્યારે કાંટા મળી જાય તો એની પર કવીતા લખવી નીરર્થક છે કેમ કે કળી એય ભ્રમ છે અને કાંટા એય ભ્રમ છે.

--રાહુલ શુક્લ

## રાહુલ શુક્લ



## લેખક -પરીચય

તમારે ફીલ્મની વાતો સાંભળવી છે?–સંગીતની વાતો કરવી છે?–તમારે રુપાળી સ્ત્રીઓની વાતો સાંભળવી છે?– તો મળો રાહુલ શુક્લને. દેવ આનંદની ફીલ્મ 'ગાઈડ' જોવાનું મન થાય તો મીત્રોને ભેગા કરી રાહુલ પાર્ટી કરે. આમ તો તેઓ મોટા ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ છે. પોતે જે કંપનીમાં એન્જીનીયર હતા; તે કંપની જ ખરીદી લીધી. હાલમાં ઈન્ડીયામાં પણ બે કારખાનાં ચાલુ કર્યાં. ઈન્ડીયાની ટ્રીપ પરથી આવે તો ધંધાની વાત નહીં અને કહેશે, "આ વખતે દેવાનંદને મળવાનું થયું"; "આ વખતે દીલ્હીની હોટલમાં એક વાર્તા લખી નાખી"; "અરે યાર ! દીલ્હીની છોકરીઓ પણ–મીનુ (મીનાબહેન, એમનાં પત્ની)જેટલી જ ફેશનેબલ છે. મીનુ માટે ઘણાં બધાં દાગીના અને નવી ડીઝાઈનના ડ્રેસીસ ઉંચકી લાવ્યો છું." રાહુલ શુક્લ આજે જે કાંઈ છે તેમાં મીનાબહેન અને તેમના દીકરા આકાશનો ઘણો ફાળો છે.

**'ત્રણ જીંદગીને સલામ'** નામનો તેમનો વાર્તાસંગ્રહ બહાર પડ્યો છે અને બીજો વાર્તાસંગ્રહ તૈયાર થઈ રહ્યો છે. આ એવો અમેરીકન ગુજરાતી લેખક છે કે જે 'રૉલ્સ રોયઝ' કાર રાખે છે અને મારા જેવા મિત્રો તેમાં બેસી ફોટા પડાવી વટ મારે છે.

લેખકનો ઈ-મેઈલ સંપર્ક : Rahul@shuklausa.com

--હરનીશ જાની અને ઉત્તમ ગજ્જર--

## ● મધુરેણ સમાપયેત્ ●

બહુ જ ખુશીની વાત છે કે અમેરીકાના પ્રસીદ્ધ કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્ર શાહ દરેક **'સન્ડે ઈ-મહેફીલ '** માટે એક કાર્ટુન મોકલશે. આભાર મહેન્દ્રભાઈ. પધારો, મહેફીલમાં આપનું સ્વાગત છે. માણીએ એમનું કાર્ટુન **'આજે એ ઘરે છે'** ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com




ડૉન્ટ હેન્ગઅપ..., હાં, આજે એ ઘરે છે, જૉબ પર નથી ગયો. પણ ડૉન્ટવરી અબાઉટ હીમ..,
હું આખો દિવસ ફોન પર હોઉ છતાં એ માઈન્ડ નથી કરતો...!

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : ૬૭ -- સપ્ટેમ્બર ૧૭, ૨૦૦૬

તળગુજરાતથી દુર, દરીયાપાર વસવા છતાં ગુજરાતી સાહીત્યની સાધના કરતા સર્જકોની કૃતીઓની સન્ડે ઈ-મહેફીલ 'વીદેશ-સર્જનોત્સવ' ઉજવવાનું નક્કી થયું અને સ્નેહી શ્રી. હરનીશભાઈ જાનીએ એના સંપાદનની સઘળી જવાબદારી સહર્ષ સ્વીકારી એનાથી વધારે રુડું શું? સૌ સાહીત્યસર્જકોનો અને ભાઈ હરનીશ જાનીનો ખુબ ખુબ આભાર..

'ઉંઝાજોડણી' અને 'વીજયા' ફોન્ટમાં **અક્ષરાંકન :** ઉત્તમ ગજ્જર : uttamgajjar@hotmail.com
**Harnish Jani :** harnish5@yahoo.com